Registration No.: TAPP-LC/606/2008
Filing No.: TAPP-LC/606/2008
Filed On: 28/08/2008
Registered On : 28/08/2008

**શ્રી એન.એન.પટણી,ન્યાયાધીશ,મજૂર અદાલત, સુરત સમક્ષ.**

**ટી.અરજી નં. ૬૦૬/૨૦૦૮.**

**અરજદાર** :– દશરથ વંજી પાટીલ,
C/O. સુરત સીલ્ક લેબર યુનીયન,
૧૧૧, ડો. આંબેડકર કોમર્સીયલ સેન્ટર,
રીંગ રોડ, સુરત.

**વિરુદ્ધ**

**સામાવાળા** :– ભરૂચા એન્ડ સન્સ,
ટે. પ્લોટનં. ૨૦૭, એ– રોડ, પાંડેસરા,
જી.આઈ.ડી.સી., સુરત.

**પ્રતિનિધિત્વ** :– અરજદાર તરફે.... પ્રતિનિધિશ્રી દિપકભાઈ પીપરોડીયા,
સામાવાળા તરફે....વકીલશ્રી હર્ષદભાઈ પંડયા.

**–: આંક–૧૭ હેઠળ હુકમ :–**

સદર કામના અરજદારે બી.આઈ.આર. એકટની કલમ–૭૮,૭૯ મુજબ સામાવાળા સંસ્થા વિરૂદ્ધ મુળ અરજી દાખલ કરી પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત થવાની દાદ માંગેલ છે. આંક–૧ ની અરજીના ભાગ રુપે સદર કાયદાની કલમ–૧૧૯(ડી) મુજબ આંક–૨ ની અરજી કરી એટેચમેન્ટ મેળવવાની દાદ માંગેલ છે.

૨. આંક–૨ ની અરજીની ટૂંક હકિકત જોઈએ તો, અજદારની ટી. અરજી પેન્ડીગ

છે અને અરજદાર તરફે લેખીત જુબાની રજુ કરવામાં આવેલ છે અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર માલિકના સંબંધ છે તે બાબતે સામાવાળાને તકરાર નથી તેવું તેમના જવાબમાં તેઓએ જણાવેલ છે. તા. ૩–૫–૨૦૧૪ ના રોજ અરજદાર સામાવાળાની કંપની પાસેથી સવારે ૧૦–૩૦ કલાકે પસાર થતા હતા ત્યારે સામાવાળાની કંપનીમાં કોઈ કામદાર કામ કરતા ન હતા. અને કંપનીમાંથી મશીનરી કાઢી નાખનારા માણસો કંપનીમાં દેખાતા હતા. જેથી અરજદાર સામાવાળાની સંસ્થાના મુળચંદ્રદાસ ઉર્ફે બલ્લુભાઈ ભરૂચા શેઠ તથા શ્રી શૈલેષભાઈ મુળચંદ્રદાસ ભરૂચા શેઠ તથા શ્રીમનીષભાઈ મુળચંદ્રદાસ ભરૂચા શેઠ પાસે સંસ્થાની માલ–મિલ્કત મશીનરીઓ ખરીદનારાઓના નામ/સરનામા જણાવવા કહેલ ત્યારે તેઓએ કહેલ કે ૧૦–૧૫ દિવસ પછી આ જગ્યા ખુલ્લી હશે નવા માલિક સાથે તારે જે કરવું હોય તે કરજે. આમ માલિકે કંપનીની માલ–મિલ્કત, મશીનરી ખસેંડી વેચી દેવાનું કાવત્રુ શરૂ કરેલ છે. હાલ સામાવાળાની કંપનીની માલ–મિલ્કત મશીનરીઓનો પ્રત્યક્ષ કબજો સામાવાળાનો છે. અને તે ખસેડવાનું કામ હાલ ચાલુ છે. અરજદારની ૧૬ વર્ષની નોકરી છે. અને નોકરીમાંથી કાઢી મુકયાને સાત વર્ષ વિતી ગયેલ છે. સામાવાળા પાસે અરજદાર તથા અન્ય કામદારોના નોકરીના કાયદેસરના હકકો તથા બેક વેજીસના લાખો રૂપિયા લેણા છે. આ કામના સામાવાળાએ કામદારોની લેણી રકમ ચુકવ્યા વગરે સંસ્થાની માલ–મિલ્કત તથા મશીનરીઓ વેચી દેવાની પેરવી કરી રહયા છે. સામાવાળા તેઓની માલ–મિલ્કત વેચી નાંખશે તો ભવિષ્યમાં કામદારોના બાકી લેણાની વસુલાત માટે ઘણી મુશ્કેલીઓ ઉભી થાય તેમ છે, જેના કારણે કામદારોને નાણાંથી ભરપાઈ ન થાય તેવું ગંભીર પ્રકારનું નૂકશાન થાય તેમ છે. જેથી ટી. અરજી નં. ૬૦૬/૨૦૦૮ ના કેસનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી આ કામના સામાવાળા ભરૂચા

એન્ડ સન્સ, પ્લોટ નં. ૨૦૭, એ રોડ, પાંડેસરા, જી.આઈ.ડી.સી. સુરત વાળી સ્થાવર, જંગમ માલ, મિલ્કત, મશીનરી વેચાણ, બક્ષીસ, ગીરો યા અન્ય કોઈપણ રીતે તબદીલ કરે કરાવે નહિં તથા તમામ મશીનરીઓ તથા આ કામના અજદારની કામની જગ્યાની તથા જમીન તથા શેડ તથા મકાન ખસેડે ખસેડાવે નહિં કે વેચે વેચાવે નહિં કે ભાડે આપે અપાવે નહિં કે કરાર દ્વારા અન્ય રીતે અરજદારના કાયદેસરના હકક હિસ્સા તથા હીત વિરૂદ્ધ સામાવાળા કોઈ કાર્યવાહી કરે કરાવે નહિં, એવો વચગાળાનો મનાઈ હુકમ આપવા તથા દાદ વિકલ્પે સામાવાળા અદાલતમાં દશલાખ રૂતિયા જમા કરાવે તેવો હુકમ ફરમાવવાની દાદ માંગેલ છે.

૩. સદર અરજદારની અરજી અન્વયે સામાવાળાને ધોરણસરની નોટીસ બજાવવામાં આવતાં સામાવાળા તરફે આંક–૨૨ અને આંક–૨૪થી જવાબ રજુ કરેલ છે. જેની ટૂંક હકિકત એવી છે કે, અરજદારની મુળ અરજી તથા કલમ–૧૧૯(ડી) અન્વયેની હાલની અરજી ખરી નથી. અરજદાનરને આવી અરજી કરવાનું કોઈ કારણ મળતુંન હોવાથી તે કાયદામાં ટકી શકતી ન હોઈ, રદ થવાને પાત્ર છે. અરજદારની અરજીને મીસ જોઈન્ડર અને નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે. અરજદારની ટી.અરજી પેન્ડીગ હોવા બાબતે તથા સદર કામમાં લેખીત જુબાની રજુ કરેલ હોવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે તેથી અરજદાર તથા તેના પ્રતિનિધિએ બીન જરૂરી ઉતાવળ કરવી જોઈએ નહિં. અરજદાર તથા સામાવાળા વચ્ચે માલિક–કામદારના સબંધ કુલ્લે ૨૪૦ દિવસ કરતાં ઓછો હતો અને ત્યારબાદ અરજદારે સામાવાળાની સંસ્થામાંથી લેખીત રાજીનામું આપી અને પોતાના હકકો સામાવાળા પાસેથી કોઈપણ જાતના દાબદબાણ વિના સ્વીકારી તેની પાકી લેખીત પહોંચ લખી આપેલ છે. સામાવાળાએ લેખીત કરાર દ્વારા પોતાના કારખાનાની

મશીનરીઓ તબદીલ કરેલ છે. ખરી હકિકતે સામાવાળાએ પોતાના કારખાનાની ફકત મશીનરીઓ તબદીલ કરેલ છે અને તેનો શાંત અને પ્રત્યક્ષ કબજો નામદાર અદાલત પાસેથી મેળવેલ લેખીત હુકમ મુજબની કાયદેસરની કાર્યવાહી કર્યા બાદ જ કરેલ છે. અને શેઠશ્રી બલ્લુભાઈ ભરૂચા ઉર્ફે મુળચંદદાસ નંદલાલ ભરૂચાનું તા. ૨૪–૫–૨૦૧૩ ના રોજ અવશાન થયેલ છે તેવા સંજોગોમાં તા. ૩–૫–૨૦૧૪ ના રોજ અરજદારે તેઓશ્રીને પ્રત્યક્ષ નિહાળી તેઓ સાથે વાતો કરેલ હોવાનો આક્ષેપ ખોટો છે. સામાવાળા સંસ્થા કોઈ કંપની નથી પરંતુ ભાગીદારી સંસ્થા છે. તબદીલી વખતે તેઓ પ્રત્યક્ષ કબજો સુધ્ધા માલીકી સાથેજ તબદીલ કરાયેલ હોય છે મીલ્તકનું સ્થળાંતર શકય જ નથી. સામાવાળા કંપની વિરુધ્ધ અરજદારનો કોઈ પ્રાયમાફેસી કેસ નથી. અરજદારે રાજુનામું આપી સ્વેચ્છાએ છુટા થયેલ હોય માલિક–કામદારના સંબંધોનો અંત આવેલ છે. અરજદારના સામાવાળા પાસ ે કોઈ લેણા બાકી નથી. સામાવાળા સંસ્થાની ઉત્પાદના પ્રક્રિયા માર્ચ–૨૦૧૩ થી સંપૂર્ણપણે બંધ થઈ ગયેલ છે. ફકત ધારણાઓને આધારે કે અરજદાર ધ્વારા પુરવાર ન થયેલ ઈબારતો દ્વારા રજુ કરાયેલ અરજીની હકિકત માની શકાય નહિં. સામવાળાને પોતાની મીલ્કતનો ઉપયોગ કરતા રોકવા તે ભારતીય બંધારણની વિરૂદ્ધ છે. આથી અરજદારે સદર અરજી સામાવાળા પાસેથી ખોટી રીતે નાણાં પડાવવાના બદઆશયથી કરેલ હોવાથી અરજી ખર્ચ સહીત રદ કરવાની અરજ કરે છે.

૪. આંક–૨૩ ના લીસ્ટથી સામાવાળા તરફે નિ.૨૩/૧ થી નિ.૨૩/૫ સુધી રજુ કરેલ છે તેમાં શ્રી બલ્લુભાઈ ભરૂચા ઉર્ફે મુળચંદદાસ નંદલાલ ભરૂચાનું તા. ૨૪–૫–૨૦૧૩ ના રોજ મૃત્યુ બાબતનું પ્રમાણપત્રની નકલ,નામ. મજૂર અદાલતે બેંક ગેરંટી બાબતે કરેલ હુકમની નકલ, સુટેક્ષ કો.ઓ. બેંક લી.ની પાંચ વર્ષની બેંક ગેરંટીની નકલ, ભરૂચા

એન્ડ સન્સ કારખાનાની કુલ્લે મશીનરીના વેચાણ તથા સંલગ્ન કબજા સોંપાયાના કરારની નકલ, તથા વી. કે. નટરાજા ગાઉન્ડર વિ. એસ. કે. બંગારૂ રેડીયારના એટેચમેન્ટ બીફોર જજમેન્ટ બાબતના નામ. મદ્રાસની વડી અદાલતના હુકમની નકલનો સમાવેશ થાય છે.

૫. સદર કામે આંક–૧૭ ની અરજી અન્વયે બંન્ને પક્ષકારોના પ્રતિનિધિશ્રી/વકીલશ્રીને સાંભળ્યા. અરજદાર તરફે દલીલ કરતાં તેમના વિધ્વાન વકીલશ્રી આર. એ. વ્યાસ ે જણાવેલ છે કે અજદારની ટી. અરજી પેન્ડીંગ છે અને અરજદાર તરફે લેખીત જુબાની રજુ કરવામાં આવેલ છે અરજદાર અને સામાવાળા વચ્ચે કામદાર માલિકના સંબંધ છે તે બાબતે સામાવાળાએ તેમના જવાબમાં સ્વીકારેલ છે. માલિકે કંપનીની માલ–મિલ્કત, મશીનરી ખસેડી વેચી દેવાનું કાવત્રુ શરૂ કરેલ છે. હાલ સામાવાળાની કંપનીની માલ–મિલ્કત મશીનરીઓનો પ્રત્યક્ષ કબજો સામાવાળાનો છે. અને તે ખસેડવાનું કામ હાલ ચાલુ છે. અરજદારની ૧૬ વર્ષની નોકરી છે. અને નોકરીમાંથી કાઢી મુકયાને સાત વર્ષ વિતી ગયેલ છે. સામાવાળા પાસે અરજદાર તથા અન્ય કામદારોના નોકરીના કાયદેસરના હકકો તથા બેક વેજીસના લાખો રૂપિયા લેણા છે. આ કામના સામાવાળાએ કામદારોની લેણી રકમ ચુકવ્યા વગરે સંસ્થાની માલ–મિલ્કત તથા મશીનરીઓ વેચી દેવાની પેરવી કરી રહયા છે. સામાવાળા તેઓની માલ–મિલ્કત વેચી નાંખશે તો ભવિષ્યમાં કામદારોના બાકી લ ેણાની વસુલાત માટે ઘણી મુશ્કેલીઓ ઉભી થાય તેમ છે, જેના કારણે કામદારોને નાણાંથી ભરપાઈ ન થાય તેવું ગંભીર પ્રકારનું નૂકશાન થાય તેમ છે. જેથી મુળ અરજીનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી આ કામના સામાવાળાની સ્થાવર, જંગમ માલ, મિલ્કત, મશીનરી વેચાણ, બક્ષીસ, ગીરો યા અન્ય કોઈપણ રીતે તબદીલ કરે કરાવે નહિં તથા તમામ મશીનરીઓ તથા આ કામના અજદારની કામની જગ્યાની તથા જમીન તથા શેડ

તથા મકાન ખસેડે ખસેડાવે નહિં કે વેચે વેચાવે નહિં કે ભાડે આપે અપાવે નહિં કે કરાર દ્વારા અન્ય રીતે અરજદારના કાયદેસરના હકક હિસ્સા તથા હીત વિરૂદ્ધ સામાવાળા કોઈ કાર્યવાહી  કરે કરાવે નહિં, એવો વચગાળાનો મનાઈ હુકમ આપવા તથા દાદ વિકલ્પે સામાવાળા અદાલતમાં દશલાખ રૂપિયા જમા કરાવે તેવો હુકમ કરવાની અરજ કરે છે. તેઓના દલીલના સમર્થનમાંનીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

1. 2012 –III-J-319 (Kant)

   Powercell Batter India Ltd. EII Ltd, Mandya District-571  428 rep. by its GM

2. 2004 Lab I C 2524 (Kant)

   Management of  Loka-Shikshana Trust, Banglor and another V/s. Sriangachar

3. 2000 LLR 610 (Bom.)

   Miraj Taluka Girani Kamgar Sangh V/s. Marathe Textile Mills.

4. 2013(121) AIC 134 (S.C.)

   Tukaram Kana Joshi and others V/s. M.I.D.C. and others

5. AIR 1972 Andhra Pradesh  264 (V.59 C 67)

   Kamtam Kamalabai V/s. Nagula Ramaswamy and others.

6. AIR 2012 S.C. 2010

   A.Shanmugam V/s. Ariya Kshatriay Vamsathu Madalaya Nandhavana paripalan sangam.

સામાવાળા તરફે તેમના વકીલશ્રી હર્ષદ પંડયાએ દલીલ કરતાં જણાવેલ છે કે, અરજદારની મુળ અરજી તથા કલમ–૧૧૯(ડી) અન્વયેની હાલની અરજી ખરી નથી. અરજદારને આવી અરજી કરવાનું કોઈ કારણ  મળતું ન હોવાથી

તે કાયદામાં ટકી શકતી ન હોઈ, રદ થવાને પાત્ર છે. અરજદારની અરજીને મીસજોઈન્ડ અને નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે. અરજદારની ટી.અરજી પેન્ડીંગ હોવા બાબતે તથા સદર કામમાં લેખીત જુબાની રજુ કરેલ હોવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે તેથી અરજદાર તથા તેના પ્રતિનિધિએ બીન જરૂરી ઉતાવળ કરવી જોઈએ નહિં. અરજદાર તથા સામાવાળા વચ્ચે માલિક–કામદારના સબંધ કુલ્લે ૨૪૦ દિવસ કરતાં ઓછો હતો અને ત્યારબાદ અરજદારે સામાવાળાની સંસ્થામાંથી લેખીત રાજીનામું આપી અને પોતાના હકકો સામાવાળા પાસેથી કોઈપણ જાતના દાબદબાણ વિના સ્વીકારી તેની પાકી લેખીત પહોંચ લખી આપેલ છે. સામાવાળાએ લેખીત કરાર દ્વારા પોતાના કારખાનાની મશીનરીઓ તબદીલ કરેલ છે. ખરી હકિકતે સામાવાળાએ પોતાના કારખાનાની ફકત મશીનરીઓ તબદીલ કરેલ છે અને તેનો શાંત અને પ્રત્યક્ષ કબજો નામદાર અદાલત પાસેથી મેળવેલ લેખીત હુકમ મુજબની કાયદેસરની કાર્યવાહી કર્યા બાદ જ કરેલ છે. અને શેઠશ્રી બલ્લુભાઈ ભરૂચા ઉર્ફે મુળચંદદાસ નંદલાલ ભરૂચાનું તા. ૨૪–૫–૨૦૧૩ ના રોજ અવશાન થયેલ છે. સામાવાળા સંસ્થા કોઈ કંપની નથી પરંતુ ભાગીદારી સંસ્થા છે. તબદીલી વખતે તેઓ પ્રત્યક્ષ કબજો સુધ્ધા માલીકી સાથેજ તબદીલ કરાયેલ હોય છે મીલ્તકનું સ્થળાંતર શકય જ નથી. સામાવાળા કંપની વિરુધ્ધ અરજદારનો કોઈ પ્રાયમાફેસી કેસ નથી. અરજદારે રાજુનામું આપી સ્વેચ્છાએ છુટા થયેલ હોય માલિક–કામદારના સંબંધોનો અંત આવેલ છે. અરજદારના સામાવાળાપાસ ે કોઈ લેણા બાકી નથી. સામાવાળા સંસ્થાની ઉત્પાદના પ્રક્રિયા માર્ચ–૨૦૧૩

થી સંપૂર્ણપણે બંધ થઈ ગયેલ છે. ફકત ધારણાઓને આધારે કે અરજદાર ધ્વારા પુરવાર ન થયેલ ઈબારતો દ્વારા રજુ કરાયેલ અરજીની હકિકત માની શકાય નહિં. સામવાળાને પોતાની મીલ્કતનો ઉપયોગ કરતા રોકવા તે ભારતીય બંધારણની વિરૂદ્ધ છે. આથી અરજદારે સદર અરજી સામાવાળા પાસેથી ખોટી રીતે નાણાં પડાવવાના બદઆશયથી કરેલ હોવાથી અરજી ખર્ચ સહીત રદ કરવાની અરજ કરે છે. અરજદાર તરફે રજુ કરવામાં આવેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો આ કેસની હકિકત સાથે સુસંગત ન હોય તે આ કામે લાગુ પાડી શકાય નહિં તેવી ભારપૂર્વક દલીલ કરવામાં આવેલ છે. સામાવાળાએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

1. 2011 (2) CCC 40(J & K)

   Budharam V/s. Rajeev Sharma

2. 2010 (2) CCC 120 (J & K)

   N. Swamygowda V/s. Ramegowda and others.

3. 2011 (4) CCC 80 (Orl.)

   KArtik Chandra Nayak V/s. Bira Kishor Nayal and Ors.

4. 2012 (1) CCC 346 (Orl)

   Tushar Kanta Panigrahi V/s. Udayanah Sahu.

5. AIR 1996 Kerala 276

   Payani Achuthan V/s. Chamballikunda Harijan Fisheries Development Co-op. Society and Ors.

6. AIR 2008 SC (Supp) 616

   Hariyana Waqf Board V/s. Shanti Sarup and ors.

7. AIR 1986 Madaras 33

Ponnusamay Pandaram V/s. The Salem Vaiyappamalaj Sangam.

8. AIR 1992 Andhra Pradesh 300

Chintapatla Arvind Babu and Ors. V/s. Smt. Balakistamm a alias Bhargavi and Ors.

9. 2007 (1) CCC 327 (A.P.)

Ghukka Venktadri snd Ors. V/s. Mallavarapy Mahalakshmamma & Ors.

૬. પક્ષકારોના પ્રતિનિધિ/વકીલશ્રીની દલીલ તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતાં આ કામમાં હવે એ નકકકી કરવાનું રહે છે કે, અરજદારની આંક–રની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થાય છે કે કેમ.?

૭. અરજદાર તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, ટી. અરજીનં. ૬૦૬/૨૦૦૮ નામ.કોર્ટમાં પેન્ડીગ છે અને આ કામના સામાવાળાઓને સદર કામ પેન્ડીગ હોવાની જાણ હોવા છતાં સંસ્થાની માલ–મિલ્કત મશીનરી વેચી દેવાની પેરવી કરી રહયા છે અને તેમ કરવામાં સામાવાળા સફળ થાય તો અરજદાર કામદારોના બાકી લેણાંની વસુલાત માટે ઘણી મુશ્કેલી પડશે તેવી અરજદારના પ્રતિનિધિશ્રીની મુખ્ય દલીલ છે. તેમજ આ કામે અરજદાર તરફે આંક–૧૭ ની બી.આઈ.આર. એકટની કલમ–૧૧૯(ડી) હેઠળ અરજી દાખલ કરી વચગાળાના મનાઈ હુકમની માંગણી કરેલ છે. તેમજ તેઓએ વિકલ્પે આ કામના સામાવાળા નામ. અદાલતમાં દશ લાખ રૂપિયા જમા કરાવે તેવો હુકમ કરવાની દલીલ કરેલ છે. જયારે આ કામે સામાવાળા તરફે આંક–રર અને આંક–ર૪ થી જવાબ રજુ કરી એવીમુખ્ય દલીલ કરેલ છેકે, અરજદારે ર૪૦ દિવસ કરતાં વધુ દિવસો કામ કરેલ નથી. અરજદાર કામદાર રાજીનામું આપી તમામ હકકો લઈ જતા રહેલ છે. તેઓ અને અરજદાર વચ્ચે માલિક–કામદારના સંબંધો નથી. સંસ્થાની ઉત્પાદન પ્રક્રિયા માર્ચ–ર૦૧૩ થી બંધ થઈ ગયેલ છે. જયારે આ કામે સામાવાળા

તરફે આંક–૧૨ થી મુળ અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ છે તેના પાન નં.–૪ ઉપર ખરી હકિકતમાં જણાવેલ છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં હંગામી ધોરણે કામ ઉપર જોડાયો હતો અને તેઓએ પોતાની જાતે અને સ્વેચ્છાએ કોઈને કોઈપણ જાતની જાણ કર્યા વિના પોતાની ફરજ રઝળાવી નાસી છુટેલ છે. અને અરજદારે સંસ્થામાં ૨૪૦ દિવસ કે તેથી વધું દિવસ કામ કરેલ જ નથી. આમ સંસ્થા તરફેની દલીલમાં અને જવાબમાં વિરોધાભાષ જણાય આવે છે. એક વખત તેઓ કામદાર જાતે નોકરી છોડી ગયા ચાલ્યા ગયા છ તેવું જણાવે છે. અને બીજી વખત કામદાર રાજીનામું આપી હકકો લઈ ચાલ્યા ગયા છે તેવું જણાવે છે. આમ સામાવાળાના જણાવ્યા પ્રમાણે જો અરજદાર રાજીનામું આપેલ હોય અને નાણાં સ્વીકારી ચાલ્યા ગયા હોય તો અરજદારે આપેલ રાજનામું કે નાણાં સ્વીકાર્યાની રસીદ વિગેરે દસ્તાવેજી પુરાવા આ કામે સામાવાળા તરફે રજુ કરવા જોઈએ તે રજુ કરવામાં આવેલ નથી. તેથી સામાવાળાની દલીલ કે અરજદાર રાજીનામું આપી નાણાં સ્વીકારી ચાલ્યા ગયા છે તે હકિકત માની શકાય તેમ નથી. આ કામે અરજદારની મુળ અરજી પેન્ડીંગ છે તે દરમ્યાન સંસ્થાએ જાતે કબુલ કરેલ છે કે તેમની માલ–મિલ્કત અને મશીનરી વેચી નાંખેલ છે અને અન્યને કબજો સુપ્રત કરેલ છે. તેવા સંજોગોમાં સદર અરજદાર કામદારના બાકી નિકળતા હકકો સંસ્થાએ ચુકવી આપેલ હોય તેવું રેકર્ડપરથી સ્પષ્ટ થતું નથી. તેથી આ કામે અરજદાર તરફે રજુ કરવામાં આવેલ 1. 2012 –III-J-319 (Kant) Powercell Batter India Ltd. EII Ltd, Mandya District-571 428 rep. by its GM. 2. 2004 Lab I C 2524 (Kant) Management of Loka-Shikshana Trust, Banglor and another V/s. Sriangachar. 3. 2000 LLR 610 (Bom.) Miraj Taluka Girani Kamgar Sangh V/s. Marathe Textile Mills. 4.2013(121) AIC 134 (S.C.) Tukaram Kana Joshi and others V/s. M.I.D.C. and others. 5. AIR 1972 Andhra Pradesh 264 (V.59 C 67). Kamtam Kamalabai V/s. Nagula Ramaswamy and

others. 6. AIR 2012 S.C. 2010 A.Shanmugam V/s. Ariya Kshatriay Vamsathu Madalaya Nandhavana paripalan sangam. ના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં નામ. મજૂર અદાલતને સદરહુ કેસનો ન્યાય નિર્ણય કરવાનો અધિકાર પ્રાપ્ત થયેલ છે. તેમજ નામ.મજૂર અદાલતને વચગાળાના મનાઈ હુકમ આપવાની સત્તા પ્રાપ્ત થયેલ છે. આમ અરજદારના પ્રતિનિધિશ્રીની દલીલ અંશતઃ માન્ય રાખવામાં આવે છે. અને ઉપરોકત સંજોગો ધ્યાનમાં લેતા આ કામે સામાવાળાને રૂા. ૫,૦૦,૦૦૦/– ( અંકે રૂપિયા પાંચ લાખ પુરા)ની બેંક ગેરંટી રજુ કરવાનો હુકમ કરવામાં આવે તો યોગ્ય અને વ્યાજબી ગણાશે. ઉપરની ચર્ચાને અંતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ.

૧. અરજદારોની આંક–રની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

ર. આથી આ કામના સામાવાળા સંસ્થાને હુકમ કરવામાં આવે છે કે, **રૂા.૫,૦૦,૦૦૦/–** ( અંકે રુપીયા પાંચ લાખ પુરા ) ની બેંક ગેરંટી દિન.૩૦ માં રજુ કરવી.

૩. મુળ અરજીની હવે પછીની સુનાવણી તા. ૧૯/૦૮ /૨૦૧૪ નકકી કરવામાં આવે છે.

**( નટવરલાલ નાથાલાલ પટણી )**
ન્યાયાધીશ, લેબર કોર્ટ,સુરત
U.I.C. No. GJ00773

સુરત.
તા. ૨૩/૦૬/૨૦૧૪.